તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ ૧૬.૦૦ કલાકે સમિતિખંડમાં મળેલ નેગોશિયેશન કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ

---

ના.સ.શ્રી(કો.સેલ)ની અધ્યક્ષતામાં તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ નેગોશિયેશન કમિટીની બેઠકમાં ઉપસ્થિત રહેલ સર્વે અધિકારીશ્રીઓને આવકારી ના.સ.શ્રી(કો.સેલ) દ્વારા બેઠકની શરૂઆત કરવામાં આવી. બેઠકના એજન્ડાની મુદ્દાવાર ચર્ચા વિચારણા કરી નેગોશિયેશન કમિટીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

(૧) વિભાગ તથા ખાતાના વડાની મળીને કુલ-૧૨ (બાર) વેબસાઈટના અપડેશન અને મેઈન્ટેનન્સ બાબત.

- તા.૧૮/૦૯/૨૦૨૧ નીનેગોશિયેશન કમિટીની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ વિભાગ તથા ખાતાના વડાની મળીને કુલ-૧૨ (બાર) વેબસાઈટના અપડેશન અને મેઈન્ટેનન્સની કામગીરી ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમીટેડ(GIL)ને તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ ના સમયગાળા માટે સોંપવા નક્કી કર્યું.
- આ કામગીરી માટે ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમીટેડ(GIL)ને પ્રત્યેક વેબસાઈટ માટે રૂ.૪૦૦૦/-(અંકે રૂપિયા ચાર હજાર) ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું.
- આ ચૂકવણા અંગેનું ત્રિમાસિક ઈન્વોઈસ ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમીટેડ(GIL) દ્વારા વિભાગ તથા દરેક ખાતાના વડાઓ/બોર્ડ/નિગમની કચેરી માટે અલગ અલગ જનરેટ કરવાનું રહેશે તેમજ દરેક ખાતાના વડાઓ/બોર્ડ/નિગમોએ તે મુજબનું ચૂકવણું બારોબાર GILને કરવાનું રહેશે.
- વિભાગના તા.૦૮/૧૦/૨૦૨૦ ના વર્ક ઓર્ડરથી તા.૦૧/૦૮/૨૦૨૦ થી તા.૩૧/૦૭/૨૦૨૧ ના સમયગાળા માટે વિભાગ તથા ખાતાના વડાની મળીને કુલ-૧૨ (બાર) વેબસાઈટના અપડેશન અને મેઈન્ટેનન્સની કામગીરી મે.સાયબરસર્ફ ઈન્ડીયા પ્રા.લી. ને સોંપવામાં આવેલ હતી.
- આમ, આ કામગીરી તા.૩૧/૦૭/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ હતી. પરંતુ, મે.સાયબરસર્ફ ઈન્ડીયા પ્રા.લી. એ તા.૦૧/૦૮/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીની અપડેશન અને મેઈન્ટેનન્સની કામગીરી કરેલ હોઈ, તેઓને કુલ-૨ (બે) મહિના માટેનું ચૂકવણું કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું.

(૨) ત્રણેય ખાતાના વડાઓ હસ્તકની યોજનાઓની GIPL દ્વારા ડેવલપ કરવામાં આવેલ Application/MIS ના Annual Maintenance Contract (AMC) બાબત.

- વિભાગ હેઠળના ત્રણેય ખાતાના વડાઓ હસ્તકની યોજનાઓની Application/MIS GIPL દ્વારા ડેવલપ કરવામાં આવેલ છે. આ ડેવલપમેન્ટ પૂર્ણ થયા બાદ તેના મેઈન્ટેનન્સ માટે Annual Maintenance Contract (AMC) કરવાનો થાય છે.
- જે અન્વયે GIPL દ્વારા દરેક યોજનાના ડેવલપમેન્ટ માટે મંજૂર કરેલ કુલ કિંમતના ૨૦% લેખે Annual Maintenance Contract (AMC)ની કિંમત નક્કી કરવા દરખાસ્ત કરવામાં આવેલ.
- જેના સંદર્ભમાં તા.૧૮/૦૯/૨૦૨૧ ની નેગોશિયેશન કમિટીની બેઠકમાં દરેક ખાતાના વડા હસ્તકની કુલ યોજનાના ડેવલપમેન્ટ કોસ્ટના ૧૨% લેખે Annual Maintenance Contract (AMC) આપવા GIPLને જણાવેલ હતું. જેના અનુસંધાને GIPL દ્વારા ૧૭% લેખે Annual Maintenance Contract (AMC) માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. ત્યારબાદ તા.૨૦/૧૦/૨૦૨૧ ના રોજ મળેલ બેઠકમાં AMC માટે ૧૬% લેખે રકમ ચુકવવાનું નક્કી થયેલ છે.
- તા.૨૭/૦૮/૨૦૨૧ ના રોજ આઇ.ટી. બેઠક મળેલ હતી, જેમાં રજુ થયેલ ત્રણેય ખાતા હસ્તકની યોજનાઓ કે જેમાં AMC આપવાની (CM Dashboard સહિત) બાબત છે તે પત્રકો (ત્રણ) આ સાથે સામેલ છે.
- GIPL એ ખાતાના વડાઓને AMC માં સમાવેશ કરવાના Application/MISની વિગતો મોકલી આપવાની રહેશે. ઉપર્યુક્ત મુદ્દાના સામેલ પત્રકમાં સમાવિષ્ટ ન હોય તેવી યોજનાઓ માટે ત્રણેય ખાતાના વડાઓએ આ વિગતોની ચકાસણી કરી સંબંધિત વહીવટી શાખા મારફત કોમ્પ્યુટર સેલને મોકલી આપવાની રહેશે. ત્યારબાદ આ અંગે વિભાગની આઈ.ટી. કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.
- સદરહુ યોજનાઓ માટે GIPL ને તા.૦૧/૧૦/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૨ સુધી AMC આપવાનું રહેશે.
- ત્રણેય ખાતા હસ્તકની જે યોજનાઓના Annual Maintenance Contract (AMC) અપાઇ ગયેલ હોય તે યોજનાના Annual Maintenance Contract (AMC) ની કામગીરી તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ પૂર્ણ કરીને તે અંગેનું ચૂકવણું પ્રોરેટા મુજબ કરવું. ત્યારબાદ દરેક ખાતાના વડાની કચેરીની બધી યોજનાઓ માટે તા.૦૧/૧૦/૨૦૨૧ થી Annual Maintenance Contract (AMC) માટેનું એક જ ઇન્વોઇસ મોકલવાનું રહેશે.

(કાર્યવાહી: ત્રણેય ખાતાના વડાઓ )

- આ માટે દર ૬ મહિને એમ વાર્ષિક કુલ ૦૨ (બે) ઇન્વોઇસ જે તે ખાતાના વડાઓને મોકલવાના રહેશે અને તે મુજબનું દરેક ખાતાના વડાઓએ ચૂકવણું કરવાનું રહેશે.